જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૨/૦૨/૨૦૨૨ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

## આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૮૫/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૩૯ | ૦ | ૧૧૭૩૯ | ૧૭૮૪૮ | ૦ | ૧૭૮૪૮ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૨૯ | ૦ | ૧૨૯ | ૪૦૩ | ૦ | ૪૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૩૧૧૬ | ૭૫ | ૮૩૧૯૧ | ૮૪૧૨૩ | ૭૧ | ૮૪૧૯૪ |
| કુલ | | ૯૯૭૧૭ | ૭૫ | ૯૯૭૯૨ | ૧૦૮૬૫૬ | ૭૧ | ૧૦૮૭૨૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૫ | ૪,૯૯,૪૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૩૫ | ૫,૩૫,૦૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ


મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ (૧) નરોડા પો.સ્ટે. પાર્ટ બી ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૦૩૪૨/૨૦૨૧ ઇપીકો કલમ ૩૨૩,૨૯૪(ખ),૧૧૪ GP Act ૧૩૫(૧) તથા (૨) નીકોલ પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૫૨૧૦૮૨૦ ઇપીકો કલમ ૩૨૩,૩૨૪,૨૯૪(ખ), ૪૨૭,૧૧૪ GP Act ૧૩૫(૧) તથા (૩) કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૧૧૪૧૧ ઇપીકો કલમ ૩૭૯,૧૧૪ મુજબના શરીર સબંધેના તથા ચોરી સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૪૧/૨૦૨૨ તા.૧૧/૦૨/૨૦૨૨ ના હુકમ કરતા સર્વેલન્સ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજરોજ તા.૧૧/૦૨/૨૦૨૨ ના કલાકઃ૨૨/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે.

## આરોપીનું નામ:-

ધર્મેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ ઉમટ રહે.૨૭૬૧,સીતારામની ચાલી ભૈરવનાથ ચવાણાની બાજુમાં જી.ડી. હાઇસ્કુલ રોડ હીરાવાડી અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા ASI શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા UHC અતુલકુમાર મુળજીભાઇ બ.નં.૪૦૧૬ તથા UHC ધીરજભાઇકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા UPC મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા UPC કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૮૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૫ કેસ કરી, ૯૨ વ્યક્તિઓને ઝડપી, ૪૮૯ લીટર દેશી દારૂ, ૨૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૮૭/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૮૮/૨૦૨૨**

**સાબરમતીઃ** હની ડો/ઓ ભરતભાઇ પટેલ (ઉ.વ.૨૬) (રહે. નીશાન પ્રાઇડ બલોલનગરબ્રીજ પાસે ન્યુ રાણીપ સાબરમતી) એ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે હની પટેલ સાયન્સ સીટી શ્રી આઈ.એન.ડેન્ટલ હોસ્પીટલ ખાતે આંખના આસીસ્ટન્ટ ડોક્ટર તરીકે નોકરી કરતા હોઈ તા.૧૦/૦૨/૨૦૨૨ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે મોબાઈલ નંબર ૮૪૫૩૦૩૨૮૪૪ ના ધારકે હની પટેલને વોસ્ટ્સએપથી મેસેજ/વિડીયો કોલ કરી આર્મી કર્નલની ઓળખ આપી પોતાનુ નામ સતિષ જણાવી ૧૦૦ મેમ્બરોનુ નોર્મલ આઈ ચેકઅપ કરાવવાનુ જણાવી તે પેટે ઓનલાઈન પેમેન્ટ કરવાનુ જણાવી હની પટેલ પાસેથી પેટીએમ દ્વારા રૂપિયા ૧૦ ટ્રાન્સફર કરાવી તેઓએ રૂપિયા ૨૦૦ ટ્રાન્સફર કરી વિશ્વાસમાં લઈ ફોનમાં વાત ચાલુ રાખી હની પટેલના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૪૩,૦૯૦/- ઓનલાઈન ઉપાડી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.એસ.ઠાકર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૮૯/૨૦૨૨**

**નિકોલઃ** જ્યોતીન્દ્રભાઇ બાલકૃષ્ણ જાની (રહે. સિલ્વર પેલેસ એપાર્ટમેન્ટ પાર્શ્વનાથ ટાઉનશીપ પાછળ હરીધામ હરીવીલા રોડ કૃષ્ણનગર) એ તા.૧૧/૦૨/૨૦૨૨ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૨/૨૦૨૨ સાંજના ૭/૦૦ થી તા.૦૮/૦૨/૨૦૨૨ સવારના ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કઠવાડા જી.આઇ.ડી.સી રોડ નંબર-૧ પ્લોટ નંબર-૩ મહેતા કેડ કેમ સીસ્ટમ પ્રાયવેટ લીમીટેડ નામની કંપની ખાતે કારખાનાના દરવાજાનુ શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ કારખાનામાં પ્રવેશ કરી ઓફીસના દરવાજાનુ લોક ખોલી ઓફીસમાંથી રોકડ રૂપિયા ૧,૭૯,૦૦૦/- સહીત ડીજીટલ લોકર ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.સથવારા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૯૦/૨૦૨૨**

**સોલા હાઈકોર્ટઃ** ધીરુભાઇ છનાભાઇ ભરવાડ (રહે.ભરવાડ વાસ એકસીસ બેન્ક એ.ટી.એમ. સામે પીપળજ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૨/૨૦૨૨ સાંજના ૫/૦૦ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન વેસ્ટ કોસ્ટ કીયા વર્કશોપ કેશવબાગ પાર્ટી પ્લોટ નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી અજાણી વ્યક્તિ બેગ ચોરી કરી લઈ ગઇ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- તેમજ અગત્યના દસ્તાવેજ હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૯૧/૨૦૨૨**

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** કુઝેલ મોહંમદ શેખ (ઉ.વ.૧૮) (રહે. સુડીઓળ ત્રણ દરવાજા) તા.૧૧/૦૨/૨૦૨૨ રાતના ૧૧/૧૫ વાગ્યાના સુમારે સરખેજ થી જુહાપુરા તરફ જતા ગાંધી હોલ સામેથી મોટર સાયકલ પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા કુઝેલ શેખને ગંભીર ઈજાઓ થતા એસ.વી.પી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મોહમદસોહેલ મોહમદસલીમ શેખ એ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઇ.શ્રી એ.એમ.રાઠોડ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૯૨/૨૦૨૨**

**નારોલઃ** નારોલ પીપળજ-પીરાણા રોડ રત્નમણી વજન કાંટા સામે સિધ્ધાર્થ ફેશન કંપનીની ઓરડીમાં રહેતા અને ત્યા જ કંપનીમાં કામ કરતા રણજીતસિંગ વિક્રમસિંગ પાલ (ઉ.વ.૨૭) (મુળ વતન. ગામ.ઉદયપુર પોસ્ટ-કસોલા થાના-મંગલપુર જી.કાનપુર દેહાત ઉત્તરપ્રદેશ) તા.૦૬/૦૨/૨૦૨૨ રાતના ૨/૩૦ વાગ્યાના સુમારે કંપનીમાં સ્ટીમ બોઇલરમાં આગ બરાબર ચાલે છે કે કેમ? તે જોવા માટે ગયેલ તે દરમ્યાન સ્ટીમ બોઇલરની દિવાલ ધરાશાહી થતા ભગવા જતા કોલસાના ઢગલામાં બેલેન્સ ન રહેતા પડી જતા ગરમ ઇંટોના લીધે દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૧/૦૨/૨૦૨૨ સવારના ૮/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિહ ભગવતસિહ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૯૩/૨૦૨૨**

**રામોલઃ** કૌશિક નવિનભાઇ વાઘેલા (ઉ.વ.૨૮) (રહે. શ્રીનંદસીટી-૪ ન્યુ મણિનગર સી.ટી.એમ રામોલ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૨/૨૦૨૨ કલાક ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.